**2803N1750** Candidate's Seat No :________

**M.A. Semester-3 Examination**

**506 - Gujarati**

**(ગાંધીજી અને ગાંધીપ્રભાવિત સાહિત્ય)**

**Time : 2-30 Hours]** **March-2024** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.
(૨) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૧ ગાંધીજીને ઘડનારા પરિબળોની ચર્ચા કરો. ૧૪

અથવા

૧ ગાંધીજીના સમગ્ર સાહિત્ય સર્જનની વિશેષતાઓ જણાવો. ૧૪

૨ 'સત્યના પ્રયોગો' (સંક્ષિપ્ત) કૃતિને આધારે આત્મકથાકાર ગાંધીજીનું મૂલ્યાંકન કરો. ૧૪

અથવા

૨ આત્મકથાના લક્ષણોને ધ્યાનમાં રાખી 'સત્યના પ્રયોગો' (સંક્ષિપ્ત) કૃતિનો આસ્વાદ કરાવો. ૧૪

૩ ગાંધીપ્રભાવિત કૃતિ તરીકે 'સદ્‌ભિ:સંગ'ની વિશેષતાઓ જણાવો. ૧૪

અથવા

૩ 'સદ્‌ભિ:સંગ' કૃતિને આધારે મનુભાઈ પંચોળીની ચરિત્રકાર તરીકેની વિશેષતાઓ તપાસો. ૧૪

૪ 'ગાંધી ગુજરાતી કવિતામાં' સંપાદિત કૃતિને આધારે ગુજરાતી સાહિત્ય પર પડેલા ગાંધી પ્રભાવની ચર્ચા કરો. ૧૪

અથવા

૪ 'છેલ્લો કટોરો' અને 'ગુજરાતનો તપસ્વી' કવિતાઓનો આસ્વાદ કરાવો. ૧૪

૫ નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ સાત પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. : ૧૪

(૧) ગાંધીજીનું જન્મ વર્ષ જણાવો.

(૨) ગાંધીજીના આધ્યાત્મિક ગુરુનું નામ આપો.
(અ) રાજચંદ્ર (બ) ગોપાલકૃષ્ણ ગોખલે (ક) મહર્ષિ અરવિંદ (ડ) રવીન્દ્રનાથ ટાગોર.

(૩) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કઈ પત્રિકાની શરૂઆત કરી હતી?
(અ) નવજીવન (બ) હરિજનબંધુ (ક) ઈન્ડિયન ઓપિનિયન (ડ) યંગ ઈન્ડિયા

(૪) 'સત્યના પ્રયોગો' આત્મકથાની પ્રથમ પ્રકાશન સાલ જણાવો.

(૫) મનુભાઈ પંચોળીનું ઉપનામ આપો.

(૬) વિજયાબેન અને ખદીજાબહેન કઈ કૃતિના પાત્રો છે?

(૭) 'સદ્‌ભિ:સંગ' કૃતિમાં સંસ્થાના એંજિન ડ્રાઈવર તરીકે કોને ઓળખવામાં આવે છે?
(અ) ગોપાળભાઈ (બ) ડાહ્યાભાઈ (ક) પોપટભાઈ (ડ) ભિખુભાઈ

(૮) 'સદ્‌ભિ:સંગ' કૃતિની પ્રથમ પ્રકાશન સાલ જણાવો.
(અ) ૨૦૦૭ (બ) ૨૦૦૫ (ક) ૧૯૯૫ (ડ) ૧૯૮૯

(૯) 'રડો ન મુજ મૃત્યુને!' કાવ્યના કવિનું નામ આપો.
(અ) ઉમાશંકર જોશી (બ) સુંદરમ્ (ક) ચંદ્રકાંત શેઠ (ડ) ખબરદાર

(૧૦) 'ગાંધી ગુજરાતી કવિતામાં' કૃતિના સંપાદકનું નામ જણાવો.
(અ) રમેશ પારેખ (બ) રાજેન્દ્ર પટેલ (ક) અનિલા દલાલ (ડ) પ્રફુલ રાવલ

(૧૧) નીચેનામાંથી ઝવેરચંદ મેઘાણીના કાવ્યનું નામ જણાવો.
(અ) ગુજરાતનો તપસ્વી (બ) હરિનો હંસલો (ક) છેલ્લી સલામ (ડ) મૃત્યું

(૧૨) 'રાજઘાટ પર' કવિતાના કવિનું નામ આપો.
(અ) રમેશ પારેખ (બ) હરિન્દ્ર દવે (ક) હરિકૃષ્ણ પાઠક (ડ) હસમુખ પાઠક

---